જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૦૪/૨૦૧૬ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૨૮/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૮ કેસ કરી, ૧૪ વ્યક્તિઓને ઝડપી ૯૦ લીટર દેશી દારૂ, ૧૫૮૬ બોટલ ઇગ્લીશ દારૂ, ૨૮૯ બિયરટીન અને ૦૧ આઇશર ગાડી કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૧૦,૪૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૨૯/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૭૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૬૩૦/૧૬**

**રખિયાલ** : તોરલબહેન મનોજભાઇ ઠાકોર (ઉ.વ.૧૪)(રહે.નવો વાસ, રખિયાલ ગામ, રખિયાલ) ને તા.૪/૪/૧૬ નાં કલાક ૩/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીક રહેતો આરોપી રાકેશભાઇ દિપકભાઇ ઠાકોર ઘર નજીકથી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ તોરલબહેનના પિતા મનોજભાઇ ઠાકોરે રખિયાલ પો.સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.જે.ચૌધરી ચલાવે છે.

**ગોમતીપુર** : ભાગ્યશ્રીબહેન જીવણભાઇ સોલંકી (ઉ.વ.૧૬)(રહે.સાબરનગરનાં જુના કશ્મીરા મહાદેવની બાજુમાં, વાડજ) ને તા.૪/૪/૧૬ બપોરનાં ૨/૪૫ વાગ્યાના સુમારે ગોમતીપુર ડી-૩૦ દવાખાના સામે, શેઠ કોઠાવાલાની ચાલી નજીકથી આરોપી હિતેષ લવજીભાઇ રાઠોડ(રહે.શેઠ કોઠાવાલા વોરાની ચાલી, ગોમતીપુર) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ ભાગ્યશ્રીબહેનના પિતા જીવણભાઇ સોલંકીએ ગોમતીપુર પો.સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.ડી.ડાંગરવાલા ચલાવે છે.

**બાપુનગર** : વાલજીભાઇ આલાભાઇ મકવાણા (રહે.ગુ.હા.બોર્ડ, કબીર ચેમ્બર્સની બાજુમાં, બાપુનગર) એ તા.૪/૪/૧૬ નારોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૨/૧૬ બપોરનાં ૪/૩૦ વાગ્યાના સુમારે બાપુનગર કવિનગરની પાછળ, રાજ પ્લાસ્ટીક નામનાં કારખાના નજીકથી પોતાના પુત્ર સંજય(ઉ.વ.૧૭) ને કોઇ અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.ડી.ચૌધરી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**સાબરમતી** : જમનાબહેન નૈનાજી મેઘવાલ (ઉ.વ.૧૪)(રહે.શાંતીનગર કર્ણાવતી ફ્લેટ પાછળ, કોલસીનો ટેકરો, શમ્શાન રોડ, અચેર, સાબરમતી) ને તા.૧/૪/૧૬ બપોરનાં ૪/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી કિશોર ભીખાભાઇ રાઠોડ (રહે.અચેર શિવશંકર સોસાયટી, દાસ ડોક્ટરની બાજુમાં, સાબરમતી) લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ જમનાબહેનની માતા લક્ષ્મીબહેન મેઘવાલે તા.૪/૪/૧૬ નારોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એમ.છાસીયા ચલાવે છે.

<u>**બળાત્કારની ફરીયાદઃ-**</u> **<u>સમાચાર યાદી નં.૬૩૧/૧૬</u>**

**સોલા હાઇકોર્ટ** : સોલા હાઇકોર્ટ, ચાંદલોડીયા વિસ્તારમાં રહેતી ૧૫ વર્ષની તરૂણીનાં પિતાએ તા.૪/૪/૧૬ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૧/૧૫ બપોરનાં ૩/૦૦ થી સાંજનાં ૬/૦૦ વાગ્યા દરમ્યાન ઘર નજીક રહેતો આરોપી યગ્નેશભાઇ મારવાડીએ તરૂણીને પોતાના ઘરે બોલાવી, તેણીની મરજી વિરૂધ્ધ બળજબરીથી શરીર સબંધ બાંધ્યો હતો અને “કોઇને બનાવની જાણ કરીશ તો જાનથી મારી નાંખીશ” તેવી ધમકી આપી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.કે.શ્રીમાળી ચલાવે છે.

<u>**ઘરફોડ :-**</u> **<u>સમાચાર યાદી નં.૬૩૨/૧૬</u>**

**કૃષ્ણનગર** : લક્ષ્મણભાઇ ઉર્ફે લખુ ગોપાલદાસ (રહે.શિવશંકર ગલી, મહાકાળીનગર, ઠક્કરનગર) એ કૃષ્નનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩/૪/૧૬ રાતનાં ૮/૦૦ થી તા.૪/૪/૧૬ સવારનાં ૬/૦૦ સુધીનાં સમયગાળા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, સોનાનાં દાગીના કુલ કિંમત રૂપિયા ૧,૭૭,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એસ.અસારી ચલાવે છે.

**વટવા જી.આઇ.ડી.સી.** : પ્રિયંકભાઇ કાનજીભાઇ પટેલ (રહે,આર્યન બંગ્લોઝ, અન્નપૂર્ણા હોટલ પાછળ, ત્રિકમપુરા, જશોદાનગર) એ તા.૪/૪/૧૬ નારોજ વટવા જી.આઇ.ડી.સી. પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨/૪/૧૬ રાતનાં ૯/૦૦ થી તા.૪/૪/૧૬ સવારનાં ૭/૩૦ સુધીનાં સમયગાળા દરમ્યાન પોતાના ઘરનાં દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોના-ચાંદીનાં દાગીના, મોબાઇલ ફોન અને રોકડ રકમ મળી કુલ રૂપિયા ૬૧,૪૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આઇ.એ.ધાસુરા ચલાવે છે.

<u>**વાહનચોરી :-**</u> **<u>સમાચાર યાદી નં.૬૩૩/૧૬</u>**

**ચાંદખેડા** : નિજામુદ્દીન સુલેમાનભાઇ વારૈયા (રહે.ફૈજલપાર્ક સોસાયટી, જીયા મસ્જીદની સામે, વટવા) એ તા.૨૨/૩/૧૬ બપોરનાં ૨/૩૦ વાગ્યાના સુમારે ચાંદખેડા ગોધરેજ ગાર્ડન સીટી એમ.બ્લોક નજીક ઓટોરીક્ષા નંબર જીજે.૨૭.વી.૫૦૪૮ કિંમત રૂપિયા ૧,૨૫,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી ત્રીસ મીનીટમાં થઇ હતી. આ અંગેની ફરીયાદ નિજામુદ્દીન વારૈયાએ તા.૩/૪/૧૬ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી ભરતભાઇ મણીલાલ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>આત્મહત્યા :-</u>** **<u>સમાચાર યાદી નં.૬૩૪/૧૬</u>**

**રીવરફ્રંટ વેસ્ટઃ** સુરેશભાઇ વસાભાઇ પરમાર (ઉ.વ.૩૦) (રહે.કમુમીયાની ચાલી, ફાયર સ્ટાફ ક્વૉટર્સ શાહપુર) એ કોઇ અગમ્ય કારણસર તા.૪/૪/૧૬ બપોરના ૧/૦૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે ગાંધીબ્રીજ નીચે, સાબરમતી રીવરફ્રંટ નજીક નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી ખોડાભાઇ અરજણભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)